



# પ્લાસ્ટિક મુક્ત સમુદ્રોના સંદેશ સાથે કોમનવેલ્થ ગેમ્સનો પ્રારંભ

**23મી કોમનવેલ્થ** ગેમ્સનો સંગીત, નૃત્ય અને મેઘધનુષી રંગોથી ભરેલા ભવ્ય ઉદ્દઘાટન સમારોહ યોજાયો

ગ્લાસગો, તા. 24 (પીટીઆઇ) : 23મી કોમનવેલ્થ ગેમ્સનો પ્રારંભ સ્કોટલેન્ડના વારસાને પ્રતિબિંબિત સંગીત, નૃત્ય અને મેઘધનુષી રંગોથી ભરેલા એક ભવ્ય સમારોહ સાથે થયો અને તેમાં સમુદ્રોને પ્લાસ્ટિક મુક્ત બનાવવાનો સંદેશ પણ આપવામાં આવ્યો હતો.

કિંગ ચાર્લ્સ ત્રીજાએ ગયા વર્ષે માર્ચમાં બકિંઘમ પેલેસ ખાતે કિંગ્સ બેટન પર મૂકેલા સંદેશને મોટેથી વાંચ્યો હતો. ત્યારથી તે 500-દિવસીય વૈશ્વિક મશાલ રિલે દરમિયાન તમામ 74 કોમનવેલ્થ સભ્ય દેશોમાં ફર્યો છે. પોતાનો સંદેશ આપતા પહેલા, રાજા ચાર્લ્સ ત્રીજાએ કોમનવેલ્થ ગેમ્સના ઉદ્દઘાટનની ઘોષણા કરી. તેમણે કહ્યું, આ રમતોના ઉદ્દઘાટનની ઘોષણા કરતા મને ખૂબ આનંદ થાય છે. બ્રિટિશ રાજાએ કહ્યું કે બેટન સમુદ્રો અને જળમાર્ગોને પ્લાસ્ટિક પ્રદૂષણથી મુક્ત કરવાના પ્રયાસોને આગ્રહ કરતો વધારાનો સંદેશ પણ વહન કરે છે. ઉદ્દઘાટન સમારોહમાં સ્કોટલેન્ડના પરંપરાગત વારસાને સમકાલીન પોપ, રેપ અને ઇલેક્ટ્રોનિક સંગીત સાથે મિશ્રિત કરવામાં આવ્યું હતું. પાઇપ બેન્ડે 'ફ્લાવર્સ ઓફ સ્કોટલેન્ડ' ની રજૂઆતથી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. તેમની સાથે ઇલેક્ટ્રો-લોક જોડી વાલ્ટોસ અને સ્કોટિશ કલાકારો નાથન ઇવાન્સ, ટોમ વોકર અને કેટી ટનસ્ટોલ પણ હતા. અભિનેતા સેમ હ્યુઘન પણ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

### CWGના ઇતિહાસમાં પહેલીવાર ઇનડોર સ્ટેડિયમમાં ઉદ્દઘાટન સમારોહ યોજાયો



કોમનવેલ્થ ગેમ્સના ઇતિહાસમાં આ પ્રથમ વખત મોટા ઓપન-એર સ્ટેડિયમને બદલે, ૧૪,૩૦૦ લોકોની ક્ષમતા ધરાવતા ઇન્ડોર સ્ટેડિયમમાં ઉદ્દઘાટન સમારોહનું આયોજન નોંધપાત્ર હતું. વધુમાં તમામ 74 દેશોના ખેલાડીઓએ ઇવેન્ટના અંતે નહીં પણ શરૂઆતમાં સ્ટેડિયમમાં પરેડ કરી હતી. સ્કોટિશ મૂળ વનસ્પતિઓથી શણગારેલા 200 ચોરસ મીટરના બગીચામાં 74 'દંડ' વાવવામાં આવ્યા હતા.

### મીરાબાઈ ચાનુ અને લવલીના બોરગોહેન ધ્વજવાહક બન્યા

ભારતીય ટુકડીનું નેતૃત્વ ઓલિમ્પિક્સ મેડલિસ્ટ મીરાબાઈ ચાનુ અને લવલીના બોરગોહેન દ્વારા કરવામાં આવ્યું હતું. ભારતીય પુરુષોએ નેવી બ્લુ સુટ પહેર્યા હતા, જ્યારે મહિલા ખેલાડીઓએ સાડી અને બ્લેઝર પહેર્યા હતા. દર્શકોએ તાળીઓના ગડગડાટથી ભારતીય ટીમનું સ્વાગત કર્યું.




## CWG ઈતિહાસમાં પહેલીવાર મેડલ બ્રેઈલ લિપીમાં ડિઝાઈન કરાયા

**ગ્લાસગો** ગેમ્સના મેડલમાં સામાન્ય ગોળાકાર કરતાં અલગ ત્રિકોણાકાર ડિઝાઇન અપનાવાઇ



ગ્લાસગો, તા. 24 (પીટીઆઈ) : આ વખતે કોમનવેલ્થ ગેમ્સ માટે તૈયાર કરાયેલા મેડલ બ્રેઈલ લિપિમાં ડિઝાઈન કરવામાં આવ્યા છે, જેથી દૃષ્ટિહીન ખેલાડીઓ પણ તેમાં રહેલા સંદેશને સમજી શકે. કોમનવેલ્થ ગેમ્સના ઈતિહાસમાં આવું પહેલી વાર કરવામાં આવ્યું છે અને તે ગ્લાસગોમાં ગેમ્સમાં સમાન પ્રવેશ સુનિશ્ચિત કરવાની યોજનાનો એક ભાગ છે. કોમનવેલ્થ ગેમ્સમાં 10 મુખ્ય રમતો અને છ પેરા-સ્પોર્ટ્સમાં કુલ 215 ગોલ્ડ મેડલ દાવ પર લાગશે, જેમાં પેરા-સ્પોર્ટ્સમાં રેકોર્ડ 47 ગોલ્ડ મેડલનો સમાવેશ થાય છે. દરેક યજમાન શહેર મેડલમાં પોતાનો સિગ્નેચર સ્પર્શ ઉમેરે છે, પરંતુ ગ્લાસગો ગેમ્સના મેડલમાં સામાન્ય ગોળાકાર આકાર કરતાં અલગ ડિઝાઈન હોય છે. મેડલ ત્રિકોણાકાર હોય છે, જે શહેરના પ્રતીકથી પ્રેરિત હોય છે. મેડલ પરના મોટિફ્સ ગ્લાસગોના સૌથી પ્રખ્યાત સીમાચિહ્નોમાંના એક, ફિનિએસ્ટન ક્રેનથી પ્રેરિત છે, જે સ્કોટલેન્ડના જહાજ નિર્માણ ભૂતકાળની યાદ અપાવે છે. તેની ડિઝાઈન સ્કોટલેન્ડ સાથે ગાઢ રીતે સંકળાયેલ પ્રતીક, ટર્ટનથી પ્રેરિત છે.

મેડલ પરના ત્રણ સ્તર પોડિયમના ત્રણ પગથિયાંનું પ્રતિનિધિત્વ કરે છે. આ મેડલ બલ્ગેરિયામાં જન્મેલા અને હવે ગ્લાસગો સ્કૂલ ઓફ આર્ટમાં આર્ટિસ્ટ-ઈન-રેસિડેન્સ છે તેવા મિલિત્સા મિલેન્કોવા દ્વારા ડિઝાઈન કરવામાં આવ્યા હતા.

## એશિયન ગેમ્સ ક્રિકેટમાં ભારત, પાકિસ્તાનને સીધી ક્વાર્ટર ફાઈનલમાં એન્ટ્રી

**ભારત** અને પાકિસ્તાન ઉપરાંત શ્રીલંકા અને બાગ્લાદેશની ટીમો પણ સીધી ક્વાર્ટર ફાઇનલ જ રમશે

**ક્વોલિફાઈંગ** રાઉન્ડના ગ્રુપ-એમાં અફઘાનિસ્તાન, જાપાન, નેપાળ અને ગ્રુપ બીમાં હોંગકોંગ, મલેશિયા અને ઓમાનનો સમાવેશ

નવી દિલ્હી, તા. 24 (પીટીઆઈ) : એશિનય ગેમ્સમાં ડિફેન્ડીંગ ચેમ્પિયન ભારત અને પાકિસ્તાનની પુરુષ અને મહિલા ક્રિકેટ ટીમોને જાપાનમાં યોજાનારી આ ગેમ્સના ક્વાર્ટર ફાઈનલમાં સીધી પ્રવેશ આપવામાં આવ્યો છે.

ભારતીય મહિલા ટીમ જાપાન સામે પોતાના અભિયાનની શરૂઆત કરશે, જ્યારે પુરુષોની ટીમનો પ્રારંભિક રાઉન્ડ પછી નક્કી થશે. ભારતીય મહિલા ટીમ સેમી ફાઈનલમાં બાંગ્લાદેશ અથવા ચીનનો સામનો કરશે. શ્રેયસ અય્યર ભારતીય પુરુષ ટીમનું નેતૃત્વ કરશે, જ્યારે હરમનપ્રીત કૌર ભારતીય મહિલા ટીમનું નેતૃત્વ કરશે.

પુરુષોની સ્પર્ધામાં દસ ટીમો ભાગ લઈ રહી છે. જેના પ્રારંભિક તબક્કાના ક્વોલિફાઈંગ રાઉન્ડના ગ્રુપ-એમાં અફઘાનિસ્તાન, જાપાન અને નેપાળને સ્થાન આપવામાં આવ્યું છે, જ્યારે હોંગકોંગ, મલેશિયા અને ઓમાન ગ્રુપ-બીમાં છે. ક્વોલિફાઈંગ રાઉન્ડમાં, બધી ટીમો પોતપોતાના ગ્રુપમાં એકબીજા સામે એક મેચ રમશે. બંને ગ્રુપમાંથી ટોચની બે ટીમો ક્વાર્ટર ફાઈનલમાં પહોંચશે. જ્યારે મહિલા ટીમો સીધી ક્વાર્ટર ફાઈનલ રમશે.

ભારતીય પુરુષ ટીમ સેમી ફાઈનલમાં પાકિસ્તાન સામે ટકરાઈ શકે છે. એશિયન ગેમ્સમાં પુરુષ ક્રિકેટ સ્પર્ધા 24 સપ્ટેમ્બરથી શરૂ થશે અને ફાઈનલ 1 ઓક્ટોબરે રમાશે. મહિલા સ્પર્ધા ૧૭ થી ૨૨ સપ્ટેમ્બર દરમિયાન યોજાશે. ભારતીય મહિલા ટીમ ફાઈનલમાં પાકિસ્તાન સામે ટકરાઈ શકે છે.

### મહિલા ક્રિકેટની શરૂઆત ક્વાર્ટર ફાઇનલથી થશે

મહિલા ક્રિકેટ ઇવેન્ટમાં આઠ ટીમો ભાગ લઈ રહી છે. તેઓ સીધી ક્વાર્ટર ફાઇનલમાં રમશે. પાકિસ્તાનનો મુકાબલો થાઇલેન્ડ સામે થશે, જ્યારે મલેશિયા અને શ્રીલંકા વચ્ચે મુકાબલો થશે. આ તરફ ચીન સામે ભારત અને બાંગ્લાદેશનો મુકાબલો જાપાન સામે થશે, ત્યારબાદ સેમી ફાઇનલ અને ફાઇનલ રમાશે. સેમિફાઇનલમાં હારનારી ટીમ બ્રોન્ઝ મેડલ માટે રમશે.

**મહિલા ક્વાર્ટર-ફાઇનલ**

પાકિસ્તાન વિરુદ્ધ થાઇલેન્ડ
શ્રીલંકા વિરુદ્ધ મલેશિયા
બાંગ્લાદેશ વિરુદ્ધ ચીન
ભારત વિરુદ્ધ જાપાન

## CWG : લોન બોલ્સ મહિલા જોડીમાં ભારતે સતત બીજી જીત નોંધાવી

**પહેલી** મેચમાં માલ્ટાને હરાવનારી રૂપા રાની અને પિન્કીની જોડીએ દક્ષિણ આફ્રિકાને 2-0થી હરાવ્યું



ગ્લાસગો, તા. 24 (પીટીઆઈ) : કોમનવેલ્થ ગેમ્સમાં લોન બોલ્સ વુમન્સ પેર ઈવેન્ટમાં શાનદાર પ્રદર્શન કરીને ભારતે આજે શુક્રવારે દક્ષિણ આફ્રિકાને હરાવીને સતત બીજી જીત નોંધાવી હતી. સ્કોટિશ ઈવેન્ટ્સ કેમ્પસ હોલ 3 ખાતે રમાયેલી સેક્શન B મેચમાં રૂપા રાની તિર્કી (લીડ) અને પિંકી સિંહ (સ્કીપ)ની ભારતીય જોડીએ દક્ષિણ આફ્રિકાની જોડી થાબેલો મુવાંગો (લીડ) અને જેકી જાન્સે વાન રેન્સબર્ગ (સ્કીપ) ને 2-0 થી હરાવી હતી. ભારતે બંને સેટ 6-4 અને 7-5 થી જીત્યા હતા. ગુરુવારે, ભારતે તેની શરૂઆતની મેચમાં રોમાંચક ટાઈ-બ્રેકરમાં માલ્ટાને હરાવ્યું હતું.

દક્ષિણ આફ્રિકાના ખેલાડીઓએ જોરદાર પડકાર ઉભો કર્યો, પરંતુ ભારતીય જોડીએ સમગ્ર મેચ દરમિયાન નિયંત્રણ જાળવી રાખ્યું. આ જીત સાથે, ભારત સેક્શન B પોઈન્ટ ટેબલમાં ટોચ પર પહોંચી ગયું. રૂપા રાની અને પિંકી બંને 2022 બર્મિંઘમ કોમનવેલ્થ ગેમ્સમાં સુવર્ણ ચંદ્રક વિજેતા મહિલા ફોર્સ ટીમનો ભાગ હતી. ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સમાં લૉન બોલ્સ પ્રોગ્રામમાંથી પુરુષો અને મહિલાઓની ફોર ઈવેન્ટ્સ દૂર કરવામાં આવી છે. આ વખતે ગ્લાસગો ગેમ્સમાં પુરુષો અને મહિલાઓની સિંગલ્સ અને જોડી ઈવેન્ટ્સનો સમાવેશ કરવામાં આવ્યો છે. ભારતે 2022 બર્મિંઘમ કોમનવેલ્થ ગેમ્સમાં પુરુષોની ફોર ઈવેન્ટમાં પણ સિલ્વર મેડલ જીત્યો હતો.

### પેરા પાવરલિફ્ટીંગમાં અશોક મલિક ચોથા સ્થાને રહ્યો

કોમનવેલ્થ ગેમ્સમાં આજે શુક્રવારે ભારતીય ખેલાડીઓ પેરા પાવરલિફ્ટિંગમાં પોતાની છાપ છોડી શક્યા નહોતા અને પુરુષોની લાઇટવેઇટ ઇવેન્ટમાં અશોક મલિક કુલ ૧૪૩.૮ પોઈન્ટ સાથે ચોથા સ્થાને રહેતા મેડલ ચૂકી ગયો હતો. ઈંગ્લેન્ડના માર્ક સ્વાને ૧૫૩.૯ ના સ્કોર સાથે ગોલ્ડ, જ્યારે નાઇજીરીયાના રોલેન્ડ એઝુરુઇકે ૧૫૩.૯ ના સ્કોર સાથે સિલ્વર અને મલેશિયાના બોની બુન્યાઉ ગુસ્ટીને ૧૫૩.૫ ના સ્કોર સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો. સ્પર્ધામાં અન્ય એક ભારતીય ખેલાડી, પરમજીત કુમાર, ૧૩૫.૬ પોઈન્ટ સાથે એકંદરે સાતમા સ્થાને રહ્યો.

### પેરા સ્વિમીંગમાં 100 મીટર ફ્રી સ્ટાઇલમાં બુડિગીના અને ઇમામ ફાઇનલમાં

પેરા સ્વિમિંગમાં, ભારતના બુડિગીના અને ઇમામ અલીએ પુરુષોની 100 મીટર ફ્રીસ્ટાઇલ S13 કેટેગરીના ફાઇનલ માટે ક્વોલિફાય કર્યું. હીટ્સમાં ભાગ લેનારા તમામ આઠ તરવૈયાઓ ફાઇનલમાં પહોંચ્યા. બુડિગીનાએ ૫૭.૧૦ સેકન્ડના સમય સાથે હીટમાં ત્રીજા સ્થાને રહી જ્યારે ઇમામ અલી ૧:૦૫.૩૨ સેકન્ડના સમય સાથે આઠમા સ્થાને રહ્યા. S13 શ્રેણી એ પેરા સ્વિમિંગ શ્રેણી છે જે દૃષ્ટિની ક્ષતિ ધરાવતા ખેલાડીઓ માટે આરક્ષિત છે.

### 50 મીટર બેકસ્ટ્રોક સ્વિમીંગમાં નટરાજ સેમી ફાઇનલમાં



ભારતીય સ્વિમર શ્રીહરી નટરાજે કોમનવેલ્થ ગેમ્સની પુરુષોની ૫૦ મીટર બેકસ્ટ્રોક ઇવેન્ટમાં સંયુક્ત 14મા સ્થાને રહીને સેમી ફાઇનલમાં જગ્યા બનાવી હતી. બે વખતના ઓલિમ્પિયન અને અનેક રાષ્ટ્રીય રેકોર્ડ ધરાવતા નટરાજે 25.52 સેકન્ડનો સમય કાઢીને બર્મુડાના જેક હાર્વે સાથે સંયુક્ત 14મા સ્થાને રહ્યો હતો. હીટ્સમાંથી ટોચના 16 તરવૈયાઓ સેમી ફાઇનલમાં પહોંચ્યા. નટરાજ તેની આઠ-મેન હીટમાં પાંચમા સ્થાને રહ્યો હતો.

## CWGમાં ભારતને વધુ એક ડોપિંગ ફટકો, જુડોકા તુલિકા માન બહાર

**પોતાની** હાજરીના સ્થાન ત્રણ વખત જાહેર કરવામાં નિષ્ફળ જવાથી તુલિકા માનને સસ્પેન્ડ કરવામાં આવી



ગ્લાસગો/નવી દિલ્હી, તા. 24 (પીટીઆઈ) : કોમનવેલ્થ ગેમ્સમાં ભારતનો ડોપિંગ વિવાદ ચર્ચાનો વિષય બન્યો છે, ગત એડિશનની સિલ્વર મેડલિસ્ટ જુડોકા તુલિકા માનને ગ્લાસગો પહોંચતા પહેલા જ તેની હાજરીના સ્થાન ત્રણ વખત જાહેર ન કરવાના ભંગ કરવા બદલ સસ્પેન્ડ કરવામાં આવી હતી અને તેનાથી તે સ્પર્ધામાંથી ગેરલાયક ઠરી હતી.

તુલિકાએ 2022 બર્મિંઘમ કોમનવેલ્થ ગેમ્સમાં 78 કિગ્રાથી વધુ વર્ગમાં સિલ્વર મેડલ જીત્યો હતો અને આ વખતે તે મેડલ માટે પ્રબળ દાવેદાર હતી. હવે તેના પર બે વર્ષના પ્રતિબંધનો ખતરો છે. આ રીતે, દિલ્હીની આ જુડોકા ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સમાંથી બહાર થનાર જુડોની બીજી ખેલાડી બની છે. આ પહેલા ગુરુવારે, અન્ય એક ભારતીય જુડોકા, અરુણ કુમારને પણ સ્પર્ધાની બહાર ડોપ ટેસ્ટમાં નિષ્ફળ જવાથી સ્પર્ધામાંથી દૂર કરવામાં આવ્યો હતો. ભારતીય જુડો ટીમ હજુ સુધી કોમનવેલ્થ ગેમ્સ માટે રવાના થઈ નથી કારણ કે તેમની સ્પર્ધાઓ 31 જુલાઈથી શરૂ થશે. ટીમના જુડો ખેલાડીઓ 27 જુલાઈએ રવાના થવાના છે.

## ભારતમાં એશિઝ ટેસ્ટનું આયોજન કરવાનું વિચારતું ક્રિકેટ ઓસ્ટ્રેલિયા

**આ વર્ષના** અંતે ચેન્નાઇમાં બિગ બેશ લિગનું આયોજન કર્યા પછી એશિઝ ટેસ્ટ યોજવાની વિચારણા

**હાલમાં** કોઇ યોજના નથી પણ તેના પર વિચારણા કરી શકાય છે : ક્રિકેટ ઓસ્ટ્રેલિયા ચીફ ટોડ ગ્રીનબર્ગ



મેલબોર્ન, તા. 24 (પીટીઆઇ) આ વર્ષના અંતમાં ચેન્નાઈમાં બિગ બેશ લીગનું આયોજન કર્યા પછી, ક્રિકેટ ઓસ્ટ્રેલિયા ભવિષ્યમાં ભારતમાં એશિઝ ટેસ્ટનું આયોજન કરવાનું પણ વિચારી રહ્યું છે.

ક્રિકેટ ઓસ્ટ્રેલિયાના ચીફ એક્ઝિક્યુટિવ ટોડ ગ્રીનબર્ગે હાલમાં કોઈપણ યોજનાનો ઈનકાર કર્યો છે. ઓસ્ટ્રેલિયા ડિસેમ્બરમાં ચેન્નાઈમાં બિગ બેશ લીગની પ્રથમ મેચનું આયોજન કરશે. ગ્રીનબર્ગે બીબીસી સ્ટમ્પ્ડ પોડકાસ્ટ પર જણાવ્યું કે ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડ અને બીસીસીઆઇ સાથે અમારા મજબૂત સંબંધો છે. સ્પષ્ટપણે, ભારતના અમુક ક્ષેત્રોમાં વધુ કન્ટેન્ટ લાવવાની જરૂર છે.

તેમણે કહ્યું, હાલમાં કોઈ યોજના નથી, પરંતુ તેના પર વિચાર કરી શકાય છે. ભારત, ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ વચ્ચેની ટેસ્ટ સીરિઝ હજુ પણ ખૂબ જ મજબૂત છે. અમે તેને વધુ મજબૂત બનાવવા માટે કામ કરવાનું ચાલુ રાખીશું. ગ્રીનબર્ગે એમ પણ કહ્યું કે વ્યસ્ત ક્રિકેટ શેડ્યૂલ પ્રસ્તાવના માર્ગમાં આવી શકે છે, જેના માટે ત્રણેય સંસ્થાઓ વચ્ચે નોંધપાત્ર સંગઠનાત્મક સંકલનની જરૂર પડશે.

## આજે બીજી ટી-20 : ભારતની નજર સીરિઝમાં અજેય સરસાઈ પર

**સાંજે** 4.30 વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ Unite8 સ્પોર્ટ્સ પર અને લાઇવ સ્ટ્રીમીંગ ફેનકોડ એપ પર

હરારે, તા. 24 (પીટીઆઈ) : કેપ્ટન શ્રેયસ અય્યરના નેતૃત્વમાં સતત છ ટી-20 હાર્યા પછી અહીં ગુરુવારે રમાયેલી પહેલી ટી-20 જીત્યા પછી પ્રોત્સાહિત ભારતીય ટીમ આવતીકાલે શનિવારે અહીં રમાનારી બીજી ટી-20માં ઝિમ્બાબ્વે સામે પોતાની જીતની લય જાળવી રાખીને સીરિઝમાં અજેય સરસાઈ મેળવવા પર નજર રાખીને મેદાને ઉતરશે. આયર્લેન્ડ (0-2) અને ઈંગ્લેન્ડ (0-4) સામે હાર્યા બાદ, ત્રણ વખતના ટી-20 વર્લ્ડકપ વિજેતા ભારતે ગુરુવારે અહીં ત્રણ મેચની સીરિઝની પહેલી મેચમાં દરેક વિભાગમાં શાનદાર પ્રદર્શન કરીને ઝિમ્બાબ્વેને સાત વિકેટથી હરાવીને 1-0ની સરસાઈ મેળવી લીધી હતી. યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશીના 19 બોલમાં 50 રન અને મયંક યાદવની ધમાકેદાર બોલિંગે ભારતની જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. ઝિમ્બાબ્વેના ઘરઆંગણે તાજેતરના સારા પ્રદર્શનને ધ્યાનમાં રાખતા આ જીત પણ મહત્વપૂર્ણ હતી. પહેલી મેચમાં સારું પ્રદર્શન કરી ન શકેલો અભિષેક શર્મા ભૂલ સુધારવા માટે કટિબદ્ધ રહેશે. ભારતે પરિસ્થિતિઓને સારી રીતે અનુકૂલન સાધ્યું. આ મેચમાં ઝડપી બોલર પ્રિન્સ યાદવે પણ સારું પ્રદર્શન કર્યું, અશોક શર્માએ પણ પોતાની ગતિથી પ્રભાવિત કર્યા પરંતુ વિકેટવિહીન રહ્યો હતો. પહેલી મેચમાં મયંકની ગતિ અને નિયંત્રણ ઉત્તમ હતું, જેમાં તેણે ઝિમ્બાબ્વેના મુખ્ય બેટ્સમેન બ્રાયન બેનેટને બોલની બહાર સ્વિંગ કરીને આઉટ કર્યો હતો જે ખૂબ જ મહત્વપૂર્ણ હતો. ઝિમ્બાબ્વેને પાવરપ્લેમાં ઘણી બધી વિકેટ ગુમાવવાનો અફસોસ થશે. તેમના બેટ્સમેનો ભારતીય ઝડપી બોલરોનો સામનો કરવામાં નિષ્ફળ રહ્યા અને ભારત માટે પડકારજનક લક્ષ્ય નક્કી કરવામાં નિષ્ફળ રહ્યા. આ સીરિઝની ત્રીજી અને અંતિમ મેચ રવિવારે રમાશે.

## લોકલ સ્પોર્ટસ

### સ્ટેટ રેન્કિંગ ટેબલ ટેનિસમાં સુરતના ચાર ખેલાડીએ ગોલ્ડ મેડલ જીત્યા



સુરત : કચ્છના ગાંધીધામ ખાતે ઇન્ડોર સ્ટેડિયમમાં 17થી 19 જુલાઇ દરમિયાન યોજાયેલી બીજી ગુજરાત સ્ટેટ રેન્કિંગ ટેબલ ટેનિસ ટૂર્નામેન્ટમાં સુરતની સુફિયાઝ ટીટી એકેડમીના ચાર ખેલાડીઓએ ગોલ્ડ મેડલ જીત્યા હતા જેમાં અંડર-9 બોયઝમાં અહાન ગોએલ, અંડર-15 બોયઝમાં રિઆન શાહ, અંડર-15 ગર્લ્સમાં દાનિયા ગોડીલ, મહિલાઓમાં આફરીન મુરાદે ચેમ્પિયન બનીને ગોલ્ડ જ્યારે અંડર 15 બોયઝમાં રાજવીર માધવાણીએ સિલ્વર તેમજ અંડર 13 બોયઝમાં ઇસ્માઇલ ધૂપલીએ અને અંડર 17 ગર્લ્સમાં વિશ્રુતિ જાદવે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

### થાઇલેન્ડમાં પેરા ટેબલ ટેનિસમાં સુરતની ભાવિકા કુકડીયાએ બ્રોન્ઝ જીત્યો



સુરત : થાઇલેન્ડના નાખોન રત્યાસિમા ખાતે તાજેતરમાં જ યોજાયેલી વર્લ્ડ પેરા ઇન્ટરનેશનલ પેરા ટેબલ ટેનિસ સ્પર્ધામાં સુરતની ભાવિકા કુકડીયાએ પોતાની ડબલ્સ પાર્ટનર ઓલાયા સાથે મળીને મહિલા ડબલ્સ ક્લાસ-14 ઇવેન્ટમાં બ્રોન્ઝ જીત્યો હતો. ભાવિકાએ પોતાની સફળતા માટે મેન્ટર ભાવિન વિશ્વાને શ્રેય આપ્યું હતું.

### ભારતના પારસી ક્રિકેટર જેરસિસ વાડિયાનો ઓસ્ટ્રેલિયન-એ ટીમમાં સમાવેશ



સુરત : ગુજરાતના વડોદરા વતી અંડર-16 અને અંડર-19 ક્રિકેટ રમી ચૂકેલા પારસી ક્રિકેટર જેરસિસ વાડિયાનો ઓસ્ટ્રેલિયન-એ ટીમમાં સમાવેશ કરાયો છે. ઓગસ્ટમાં ડાર્વિન ખાતે બાંગ્લાદેશની ટેસ્ટ ટીમ સામે રમવા માટે તેની પસંદગી કરવામાં આવી છે. જેરસિસ સાઉથ ઓસ્ટ્રેલિયન ક્રિકેટમાંથી આગળ વધીને બીબીએલમાં એડિલેટ સ્ટ્રાઇકર્સ વતી રમ્યો છે.

### સુરત ટ્રાયથ્લોન એસો દ્વારા વિવિધ વય જૂથની તરણ સ્પર્ધાનું આયોજન

સુરત : સુરત ટ્રાયથ્લોન એસોસિએશન દ્વારા વિવિધ વયજૂથની કુલ 12 ગ્રુપની તરણ સ્પર્ધાનું આયોજન આગામી બીજી ઓગસ્ટે રવિવારે સાંજે 4.00 વાગ્યાથી મીની બજાર વરાછા સ્થિત સુરત મહાનગર પાલિકા સંચાલિત વરાછા તરણકૂંડ ખાતે કરવામાં આવ્યું છે. જેમાં અંડર 11, અંડર 14, અંડર 17, અંડર 21, અંડર 35 અને 35 વર્ષથી વધુની વયની સ્પર્ધાઓનું આયોજન થશે, તેના ફોર્મ મેળવવા માટે એસોસિએશનના સચિવ કમલાકર મોરેનો મોબાઇલ નંબર 9427107014 પર સંપર્ક કરવો.